ડુમ્મસ કાંદી ફળીયામાં ત્રણ કરોડની લુંટના ઇરાદે ધાડ પાડી મૃત્યુ નીપજાવનાર સાગ્રીતોને ૦૨ પીસ્ટલ, ૦૨ જીવતા કારતુસ તેમજ રોકડ રકમ સાથે ઝડપી પાડી, ધાડ વીથ મર્ડરના ગુનાનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર ડુમસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાંદી ફળીયામાં આધેડ ઇસમ ભુપેન્દ્રભાઇ ગોવીંદભાઇ પટેલને રાત્રીના લગભગ ત્રણેક વાગ્યાના અરસામાં પાંચેક અજાણ્યા ઇસમો તેમના ઘરમાં ઘુસી જઇ તેમના હાથ-પગ બાંધી દઇ તેમનુ મૃત્યુ નીપજાવી નાશી ગયેલ હોવાના બનાવની ગંભીરતાને ધ્યાને લઇ સ્થાનિક પોલીસના માણસો તથા ક્રાઇમ બ્રાંચની અલગ અલગ ટીમો બનાવી વર્ક આઉટમાં હતા તે દરમ્યાન ક્રાઇમ બ્રાંચની ટીમની બાતમી આધારે વાંઝગામથી ખરવાસા જતા રસ્તા ઉપર નહેર પાસેથી નીચે જણાવેલ આરોપીને પકડી પાડેલ છે. (૧) વિશાલ લાખાભાઇ વાણીયા રહે.એફ/૨૦૪ મા આનંદી હાઇટસ દેવધગામ ગોડાદરા, સુરત મુળગામ–મેંદરડા વાલમચોક આશ્રમ રોડ તા.મેંદરડા જી.જુનાગઢ. (૨) પ્રતાપભાઇ હરસુરભાઇ ઉર્ફે ચીનાભાઇ ગીડા રહે. એફ.૬/૨૦૪, મા આનંદી હાઇટસ દેવધગામ ગોડાદરા, સુરત મુળગામ–અમરગઢ સો ચોરસવાર પ્લોટ ખાડીયા વિસ્તાર તા.મેંદરડા જી.જુનાગઢ. (૩) મીથુન ઉર્ફે શેટ્ટી S/O મોહન વાણીયા રહે.નાનુ પરમારના મકાનમાં સંતોષી માતા મંદિર પાછળ મુરબાડ કલ્યાણ મુરબાડ રોડ જી.ઠાણે મુળગામ-ત્યાગરાજ નગર રાજાની સમાધી પાછળ થાના-મડીકિરી જી.કોડાગુત (કર્ણાટક). (૪) પીન્ટુ S/O અર્જુન ચૌધરી રહે.રુમ નંબર-૫, પ્રેમ નગર ઝુપડપટ્ટી રાજુ કાત્યાના મકાનમાં ભાડેથી વરલી વેસ્ટ મુંબઇ મુળગામ લારપુર થાના-બૌધગયા જી.ગયા (બીહાર). (૫) કેતનભાઇ રમેશભાઇ હડીયા રહે. ૬/૨૦૪, મા આનંદી હાઇટસ દેવધગામ ગોડાદરા, સુરત મુળગામ–અમરગઢ સો ચોરસવાર પ્લોટ ખાડીયા વિસ્તાર તા.મેંદરડા જી.જુનાગઢનાઓ પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ:-બે પીસ્ટલ કિ.૬૦,૦૦૦/-, બે કારતુસ કિ.૨૦૦/-, ચોરીની મો.સા.નંગ કિ ૪૫૦૦૦/- કુલ ૮ મોબાઇલ ફોન કી ૪૧.૩૦૦/- તથા - રોકડ ૧૦૦,૦૦૦/- મળી-કુલ્લે કિ. ૨,૪૬,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે લીધેલ છે.

પકડાયેલ આરોપીઓની બાતમી હકીકત સંદર્ભ તથા તેમની પાસેથી મળેલ મુદ્દામાલ અંગે બારીકાઇથી પુછપરછ કરતા પ્રતાપભાઇ હરસુરભાઇ ઉર્ફે ચીનાભાઇ ગીડાએ જણાવેલ કે, ગઇ તા.૨૭/૦૩/૨૦૨૧ ના રોજ મુંબઇ ખાતે રહેતી ચેતના બેનના ઓળખીતા બહેને ફોન કરી જણાવેલ કે, પોતાના બહેન ચેતના ડુમ્મસ ગામમાં રહે છે તેના મકાનના બાજુમા રહેતા ઇસમની જમીન વેચાતા તેની પાસે ત્રણથી ચાર કરોડ આવેલ છે તે ઇસમ ઘરમાં એકલોજ રહે છે. તેના ઘરમાં જઇ રોકડા રુપિયાની લુંટ કરવાની છે તેમ જણાવી પોતાની કૌટુમ્બીક બહેન ચેતનાને મળવા ડુમ્મસ જઇ આવજો તેને તમારી મુલાકાત કરવા તમારી પાસે મોકલી આપીશ તેમ કહેતા આરોપી વિશાલ તથા અન્નાએ ગુનાને અંજામ આપવા માટે પુણા પો.સ્ટે.વિસ્તારમાથી ૨ મો.સા.લઇ ચેતનાબેન સાથે મુલાકત કરી, ડુમ્મસગામ કાંદી ફળીયામાં રહેતા ભુપેન્દ્રભાઇનુ મકાન ચેતનાબેને બતાવતા આરોપીઓ વિશાલ તથા મીથુન શેટ્ટીન ત્રણ માણસો તથા પ્રતાપ ગીડા અને કેતન હડીયા નાઓને મળેલ ટીપની ખાત્રી કરી ચોરીની મો.સા. ઉપર આરોપીઓએ ડુમ્મસ ગામમા કાંદી ફળીયામાં રહેતા ભુપેન્દ્રભાઇ નામના ઇસમના ઘરમાં મોડી રાત્રીના સુમારે પીસ્ટલ સાથે ઘુસી ઘરમા સુતેલા ભુપેન્દ્રભાઇ જાગી જતા આરોપીઓએ તેના માથાના ભાગે પીસ્ટલ મુકી તેના બન્ને હાથ પગ દોરી વડે બાંધી ચાદર વડે મોઢામાં ડુચો મારી ભુપેન્દ્રભાઇનુ મોત નીપજાવી ઘરના કબાટોમાથી ૪૦૦,૦૦૦/ લુંટ કરી નાશી ગયેલ હતા.

ડીટેકટ થયેલ ગુનાઓ:-ડુમ્મસ પો.સ્ટે.પાર્ટ–એ ૧૧૨૧૦૦૦૬૨૧૦૧૯/ ઇ.પી.કો.કલમ ૩૪૭,૩૯૬,૪૬૦ મુજબ (ધાડ વીથ મર્ડર) પુણા પો.સ્ટે. –એ ૧૧૨૧૦૦૪૬૨૧૦૮૧૮/ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ (વાહન ચોરી ). પુણા પો.સ્ટે.એ ૧૧૨૧૦૦૪૬૨૧૦૮૩૨/ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ. (વાહન ચોરી)

આરોપીઓનો ગુનાહીત ઇતીહાસ :- આરોપી પ્રતાપ સરસુરભાઇ ગીડા :-(૧) જુનાગઢ સી ડીવીઝન પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૫/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૯૭, ૧૧૪ તથા જી.પી. એકટ-૧૩૫ (૨)સાવરકુંડલા રુલર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૬૪(એ), ૩૬૫, ૩૮૪, ૫૦૬(૨), ૧૨૦(બી) આર્મ એક્ટ ૨૫(૧)બી, એ મુજબ.(૩)સાવરકુંડલા રુલર પો.સ્ટે. પાસા દરખાસ્ત નં.૨ /૨૦૧૯ પાસા અધિનિયમ -૨ (સી),૩ (૨) મુજબ.

- આરોપી-પીન્ટુ અર્જુનભાઇ ચૌધરી :-(૧) મલાડ પો.સ્ટે. ગુ.ર.નં. ૪૧૩/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૩૯૪,૪૫૨ મુજબ. (૨) કર્ણાટક ઉડુડુ પીડીસ્ટ્રીકટ પડુબીર્ડી પો.સ્ટે. ૧૬૨૦/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૫૦૬, ૩૯૫, ૪૦૦, ૪૧૩, ૨૧૩, ૨૦૧, ૪૧૨ તથા આર્મ એક્ટ -૨૭.
- આરોપી કેતનભાઇ રમેશભાઇ ઉર્ફે હરસુખભાઇ મુજબ. :-(૧) જુનાગઢ સી.ડીવીઝન પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૫/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૯૭, ૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ (૨) સાવરકુંડલા રુરલ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૨/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૬૪(એ),૩૬૫,૩૮૪, ૫૦૬(૨), ૧૨૦(બી) આર્મ એક્ટ ૨૫(૧)બી,એ મુજબ. (૩) સાવરકુંડલા રુલર પો.સ્ટે. પાસા દરખાસ્ત નં.૩/૨૦૧૯ પાસા અધિનિયમ-૨ (સી), ૩(૨) મુજબ.
- આરોપી- મીથુન વાણીયા ઉર્ફે રોહીટ શેટ્ટી ઉર્ફે બૈરુન સીંહા રાણા (૧) કર્ણાટક ઉડુડુ પીડીસ્ટ્રીકટ પડુબીર્ડી પો.સ્ટે.૧૬૨૦/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૫૦૬, ૩૯૫, ૪૦૦, ૪૧૩, ૨૧૩, ૨૦૧, ૪૧૨ તથા આર્મ એક્ટ-૨૭ તથા (૨) મલાડ પો.સ્ટે. ગુ.ર.નં.૪૧૩/૨૦૧૦ ઇ.પી.કો..કલમ ૩૯૪, ૪૫૨ મુજબ.